તાપમાન
મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૧૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૪૬ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૩૮ | ૭ નવેમ્બર, ૨૦૧૫, શનિવાર ; આસો વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- છોટા રાજનને ભારત લવાયા બાદ ડોન દાઉદ અંગે કેટલાક રાજ ખુલે તેવી સંભાવના
- છોટા રાજન સાથે જોડાયેલા કેસોને સીબીઆઇને સોંપાયા
- બિહાર ચૂંટણીમાં મતદાન ટકાવારી ૧૫ વર્ષમાં સૌથી વધુ રહી
- મેડલ પરત કરવા માટેની પૂર્વ જવાનોની હવે તૈયારી
- અંતે ગૌહત્યા પર પ્રતિબંધની માંગ કરતી અરજી ફગાવાઈ
- ઉપહાર કાંડમાં સુપ્રીમ કોર્ટમાં સીબીઆઈની સમીક્ષા અરજી
- અસ્ત્ર એડવાન્સ મિસાઇલ વર્ષ ૨૦૧૬માં બની જશે
- મોહાલી ટેસ્ટમાં બીજા દિવસે પણ બોલર જ છવાયેલા રહ્યા

# છોટા રાજનને ૨૭ વર્ષ બાદ ભારત લવાયો

**ભારતીય અધિકારીઓની ટુકડી રાજનને લઇને સવારમાં પહોંચી : રાજનને ખાસ વિમાન મારફતે ઇન્ડોનેશિયાથી ભારત લવાયા બાદ હવે અનેક કેસોનો ભેદ ઉકેલાય તેવા સંકેત**



નવી દિલ્હી,તા.૬

ઈન્ડોનેશિયાના બાલીમાં થોડાક દિવસ પહેલા ધરપકડ કરવામાં આવેલા અને હત્યા સહિત મોટી સંખ્યામાં કેસોમાં વોન્ટેડ અંડરવર્લ્ડ ડોન છોટા રાજનને લઈને ભારતીય અધિકારીઓની ટીમ આજે સવારે દિલ્હી પહોંચી હતી. ડોન છોટા રાજનને ૨૭ વર્ષના લાંબા ગાળા બાદ હવે ભારત લવાયો છે. તેને ભારત લાવવામાં આવ્યા બાદ કેટલાક અતિ મહત્વપૂર્ણ કેસોને ઉકેલી લેવામાં મદદ મળે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. દિલ્હીમાં લવાયા બાદ છોટા રાજનને પહેલા લોંધી કોલોનીમાં દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલમાં રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ તેને સીબીઈઆઇ હેડકક્વાર્ટરમાં લઈ જવાયો હતો. રાજનની સાથ મોટી સંખ્યામાં સુરક્ષા જવાનો હતા. પ્રાપ્ત અહેવાલ મુજબ છોટા રાજનને લઈને ભારતીય ટોપ અધિકારીઓની ટીમ સવારે આશરે પાંચ વાગે દિલ્હી પહોંચી હતી. તેને ખાસ વિમાનથી દિલ્હી લવાયો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# રેલવે ટિકિટ રદ કરાવવા બદલ હવેથી ડબલ રકમ ચુકવવી પડશે

**૧૨મી નવેમ્બરથી નિયમો અમલી બનાવાશે : ટ્રેન રવાના થઈ ગયા બાદ ટિકિટને રદ કરાવી શકાશે નહીં**

નવી દિલ્હી,તા.૬

રેલવેમાં મુસાફરી કરનાર લોકો માટે નિરાશાજનક સમાચાર છે. કારણકે, ટૂંક સમયમાં જ યાત્રીઓને રેલવે ટિકિટ રદ કરાવવા માટે ડબલ કિંમત ચુકવવી પડશે. નવા નિયમો આગામી સપ્તાહમાં અમલી બનાવવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ જો પ્રવાસની નજીકની તારીખે અથવા તો પ્રવાસના સમયે ટ્રેન ટિકિટ રદ કરાવવામાં આવશે તો ડબલ કિંમત ચુકવવી પડશે. મીડિયામાં પ્રકાશિત અહેવાલમાં જણાવાયું છે કે, ભારતીય રેલવે દ્વારા ટિકિટ બુક કરવાના મામલામાં નવા નિયમો લાવવા ગંભીરતાપૂર્વક વિચારણામાં વ્યસ્ત છે. ટિકિટ રદ કરવા માટેના ચાર્જ ડબલ થશે. તમામ કેટેગરીમાં ટિકિટ રદ કરવા માટેના ચાર્જ ડબલ થઈ જશે. નવા નિયમોમાં જણાવાયું છે કે, ટ્રેનની રવાનગી બાદ કોઈપણ ટિકિટને રદ કરાવી શકશે નહીં. નવા નિયમો દેશભરમાં ૧૨મી નવેમ્બરના દિવસથી અમલી બનાવવામાં આવશે. અહેવાલમાં જણાવાયું છે કે, આરએસી ટિકિટ અથવા તો વેઈટિંગ લિસ્ટમાં રહેલા લોકોને પણ ટ્રેનની રવાનગી પહેલાંના અડધા કલાકના ગાળામાં તેમની ટિકિટ રદ કરાવવા બદલ જ રિફન્ડ આપવામાં આવશે. ત્યારબાદ કોઈપણ રિફન્ડ આપવામાં આવશે નહીં.

**અડધા કલાક પહેલાં રદ કરાવવાની સ્થિતિમાં રિફંડ મળી શકશે**

આનો મતલબ એ થયો કે વેઈટિંગ લિસ્ટમાં રહેલા યાત્રીઓ અથવા આરએસી ટિકિટ ધરાવનારાઓને પણ ટ્રેનની વાસ્તવિક રવાનગીના અડધા કલાક પહેલા ટિકિટ રદ કરાવવી પડશે. બીજીબાજુ રેલવે દ્વારા ૪૮ કલાકના

● અનુસંધાન પાન-૭ પર

# વિરોધને દબાવવો અર્થતંત્ર માટે ખતરારૂપ

**અસહિષ્ણુતા મુદ્દે ચાલી રહેલા ચર્ચા વચ્ચે મનમોહનસિંહનું નિવેદન : અભિવ્યક્તિની સ્વતંત્રતાને દબાવવાની ઘટના હાલમાં બની છે, જે દુઃખદ છે અડચણો દુર થવી જોઈએ : સ્વતંત્રતા વિના મુક્ત બજારનો મતલબ જ નથી**



નવી દિલ્હી,તા.૬

દેશમાં અસહિષ્ણુતાને લઈને ચાલી રહેલી જોરદાર ચર્ચા વચ્ચે પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહે કહ્યું છે કે, અસહિષ્ણુતાના મુદ્દા ઉપર ખૂબ જ ગંભીરતાપૂર્વક ધ્યાન આપવાની જરૂર છે. તેમણે કહ્યું હતું કે, વિરોધના અવાજને દબાવી દેવાની બાબત અર્થતંત્રની સામે મોટા ખતરા સમાન છે. તેમણે કહ્યું હતું કે, વિચારધારા ઉપર પ્રહાર અથવા તો અવાજ ઉઠાવનારની હત્યાની બાબતને કોઈપણ કિંમતે યોગ્ય ઠેરવી શકાય નહીં. અસહમતિના અધિકારને દબાવી દેવાની બાબત પણ ખૂબ જ ખતરનાક છે. અસહમતિના અધિકારના મામલામાં પણ સ્વતંત્રતા હોવી જોઈએ. દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુની ૧૨૫મી જન્મજયંતિ ઉપર આધારિત કાર્યક્રમમાં બોલતા મનમોહનસિંહે કહ્યું હતું કે દેશમાં અભિવ્યક્તિની આઝાદીનો દબાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. હાલમાં આ પ્રકારની ઘટનાઓ બની છે જે દુઃખદ અને ચિંતાજનક છે.

● અનુસંધાન પાન-૭ પર

વાહન-દુકાન-મકાનની સુરક્ષા માટે સિધ્ધ કરેલા
શ્રી હનુમાન ચાલીસા
રૂપિયા 750 | રૂપિયા 1100 | રૂપિયા 2100
પંચધાતુ પારાના શ્રીયંત્ર મળશે.
રીયલ પોખરાજ તેમજ દરેક ગ્રહોના નંગ મળશે.
પીરામીડ, હાથાજોડી, શિયાળ સિંગી, બિલાડીની ઓળ, કાળી હળદર મળશે
રાશી પ્રમાણે વીંટી રૂ. ૧૫૧/-, ૨૫૧/-, ૫૦૧/-
આશિષ જ્વેલરી માર્ટ
ઘાંચીની પોળ સામે, માણેક ચોક, અમદાવાદ-૧.
Tel. 22146081 • M.: 93761 88288
આઈટમોનું લીસ્ટ-પ્રાઈસલીસ્ટ મંગાવો.

# જિલ્લામાં ચૂંટણી યોજવા સંપૂર્ણ સાનુકૂળ વાતાવરણ

**સૌથી વધુ સંવેદનશીલ બુથ ગાંધીનગરમાં : ખર્ચ મર્યાદાનું ચુસ્ત પાલન ઉમેદવારે કરવાનું રહેશે : કલેક્ટરશ્રી રવિશંકર**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર તાલુકામાં સૌથી વધુ સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકો આવેલા છે. જિલ્લા પંચાયત માટે ૩૫૯ અને બે નગરપાલિકા વિસ્તારમાં ૯૩ બુથ સંવેદનશીલ છે. તેમ આજે જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકર અને જિલ્લા પોલીસ વડા શ્રી વિરેન્દ્રસિંહ યાદવે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું.

જિલ્લા તંત્ર દ્વારા કરવામાં આવેલી તૈયારી અંગેની વિગતો આપતાં આ બન્ને જિલ્લા અધિકારીઓએ જણાવ્યું હતું કે જિલ્લામાં આજે આંદોલનની અસર ઓછી છે અને ચૂંટણી શાંત વાતાવરણમાં યોજી શકાશે. તેમણે જણાવ્યું હતું કે જિલ્લામાં મુક્ત, ન્યાયી અને નિષ્પક્ષ ચૂંટણી યોજવા માટેના સાનુકૂળ વાતાવરણમાં તંત્ર સંપૂર્ણ સજ્જ છે.

સંવેદનશીલ મતદાન મથકો અંગે બોલતાં તેમણે જણાવ્યું હતું કે ગાંધીનગર તાલુકામાં ૧૮૫ બુથ, માણસામાં ૪૩ બુથ, કલોલ તાલુકામાં ૪૭ બુથ અને દહેગામ તાલુકામાં ૮૪ બુથ સંવેદનશીલ અને અતિસંવેદનશીલ કેટેગરીમાં આવે છે. આ બુથો અંગે હરિફ ઉમેદવારોની યાદી આખરી થતાં ફેરફાર થવાનો સંકેત પણ તેમણે આપ્યો હતો.

જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે જણાવ્યું હતું કે જિલ્લા પંચાયત અને તા.પં. માટે નોંધાયેલા મતદારોની સંખ્યા ૬,૯૬,૬૨૫ છે. જ્યારે દહેગામ અને કલોલ નગરપાલિકા માટે નોંધાયેલા મતદારોની સંખ્યા ૧,૧૬,૪૨૬ છે.

તેમણે જણાવ્યું હતું કે આ ચૂંટણીમાં કુલ ૫૯૩૦ કર્મચારીઓ ચૂંટણી વિષયક ફરજો બજાવશે. આ કર્મચારીઓને તાલિમનો પ્રથમ તબક્કો પૂર્ણ થઈ ગયો છે. જિલ્લામાં આ ચૂંટણી માટે ૭૯૫ બુથ નગરપાલિકા માટે નિયત કરાયેલા છે.

● અનુસંધાન પાન-૭ પર

બમ્પર ધમાકા
તહેવાર તથા લગ્ન પ્રસંગે ખાસ ઓફર
૨ ખરીદો ૧ ફ્રી મેળવો
જીન્સ પેન્ટ
કોટન પેન્ટ
શર્ટ
ટી-શર્ટ
મુરલીધર
ફેક્ટરી આઉટલેટ
C/7-8, કોબા એપરલ પાર્ક, હોટલ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટની બાજુમાં, કોબા, ગાંધીનગર. (સમયઃ ૯ થી ૭)
૬૬, ન્યુ ગ્રીન માર્કેટ, અનુપમ થિયેટરની સામે, ખોખરા, અમદાવાદ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

Hello Beautiful !!!
being women The Boutique
welcomes you to grab the newest of
Diwali Collection!
Grace us with your presence
to the exhibition of
Heavy Chiffon Kurtis,
Heavy Dresses, Purses and
Ready to Stitch Materials!
Run to your favorite Boutique
and make your
Diwali Wardrobe Classic !
Boutique
being women
is being beautiful
201, Shital Apartments,
22/29 Bus Stand, Sector-29, Gandhinagar.
Ph. : 99249 25874, 079-23227286

HeroFinCorp. Finance Made Easy
ધનતેરસના શુભ દિવસે વસાવો... આપનો મનગમતો 'હિરો'
Hero
મેળવો ₹3000* સુધીનો વળતર દરેક હિરો ટુવ્હીલર ઉપર
સરકારી કર્મચારીઓ માટે ₹1250 ની ખાસ વધારાની છૂટ*
રવિવારે શો-રૂમ ચાલુ.
સૌથી ઓછું ડાઉન પેમેન્ટ ભરી વસાવો તમારી મનગમતી હિરો ટૂવ્હીલર* એક્ષચેન્જ સુવિધા ઉપ્લબ્ધ.
નંદા ઓટોમોબાઈલ્સ (ગુજરાત) પ્રા. લિ.
પ્લોટ નં. ૨૯, G.T.S. રોડ, સેક્ટર - ૩૦, ગાંધીનગર.
Ph : 23260505, 23260506, 23260507, M : 9727726045, 9727754245
Authorised Network : Reliance Auto - Mansa Ph. : 02763-270818, 99251 52821 Mayur Automobiles - Kudasan Ph. : 8980097597, Keshar Bhawani - Chiloda Ph. : 23273171, 99252 28748 Shri Uma Automobiles - Chala, Ta. Chiloda Ph. : 98986 16202, 97246 16202 Shri Ram Enterprises - Rakhial Ph. : 99791 51583, 96627 58182 Shivshakti Automobile - Adalaj Ph. : 95749 14511
*શરતોને આધિન.

ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ
શિવાલય
ફાર્મ & પાર્ટી પ્લોટ
ક-૭ ચોકડી, વસંત વગડાની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર
● ૧,૨૫,૦૦૦ Sq.ft. Loan Area ● વિશાળ પાર્કીંગની સુવિધા, ● આકર્ષક એન્ટ્રી ગેટ
● અદ્યતન કીચન તથા વોશ એરિયા ● ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
● બાળકો માટે પ્લે એરિયા ● અલગ Groom અને Bridle રૂમ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે
બુકીંગ ચાલુ છે
● વાઘેલા ઘનશ્યામસિંહ એમ. - ૯૮૨૫૦ ૨૨૧૭૩
● વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫

શ્રીજી ગોલ્ડ એન્ડ સિલ્વર
Gateway of Gold and Silver Ornaments
We understand your needs...
Deals in Gold and Silver Ornaments
Dineshbhai - 99742 40124
Narendra - 94263 57557
G-2, Pramukh Paradise, G-Road, Sector-23, Gandhinagar
Phone : 079-23211022